રજુ તારીખ: ૧૨/૦૩/૨૦૨૬
દાખલ તારીખ: ૧૨/૦૩/૨૦૨૬
ફૈંસલ તારીખ: ૧૬/૦૩/૨૦૨૬
અવધિ : વર્ષ માસ દિવસ
૦૪

**બોટાદના મહેરબાન સત્ર ન્યાયાધીશ સાહેબશ્રીની કોર્ટમાં**

**ફોજદારી પરચુરણ અરજી નંબર–૧૮૫/૨૦૨૫**

**આંક–૫**

**અરજદાર:–** **મોહનલાલ ક્રિષ્નારામ બિશ્નોઈ**
ઉ.વ.૩૦, ધંધો–મજુરી
રહે. સોમારડી ગામ
તા.સેડવા, જી.બાડમેર
(રાજસ્થાન)
હાલ–સબ જેલ, બોટાદ

**વિરુધ્ધ**

**સામાવાળા:–** શ્રી સરકાર

**બાબત:–** બી.એન.એસ.એસ.ની કલમ–૪૮૩ મુજબ રેગ્યુલર જામીન અરજી.

**અરજદાર તરફે :–** વિ.વકીલ શ્રી એન.બી.જેબલીયા
**સરકાર તરફે :–** વિ.પી.પી.શ્રી કે.એમ.મકવાણા

**જ જ મે ન્ટ**

**૧.** અરજદાર/આરોપીએ ગઢડા પોલીસ સ્ટેશન ગુના રજીસ્ટર નં–૧૧૧ ૯૦૦૦ ૪૨૫ ૦૦૨૬/૨૦૨૫, પ્રોહીબીશન એકટની કલમ–૬૫(ઈ), ૧૧૬(બી),૯૮(૨),૮૧ તથા બી.એન.એસ.ની કલમ–૩૩૬(૨),૩૩૬(૩), ૩૩૬(૪),૩૪૦(૨) મુજબના શિક્ષાને પાત્ર ગુન્હાના કામે રેગ્યુલર જામીન ઉપર મુકત થવા માટે બી.એન.એસ.ની કલમ–૪૮૩ અન્વયે હાલની અરજી કરેલ છે.

૨. હાલની અરજી અત્રેની કોર્ટમાં દાખલ થતાં રજીસ્ટરે લઈ સામાવાળા શ્રી સરકારને નોટીસ કરવામાં આવતા શ્રી સરકાર તરફે વિ.પી.પી.શ્રી કે.એમ.મકવાણા ઉપસ્થિત થયેલ છે અને તેઓએ આંક-૪ થી તપાસનીશ અધિકારીનુ સોગંદનામુ રજુ કરી, પોલીસ પેપર્સ વંચાણ માટે રજુ રાખેલ છે.

૩. અરજદાર/આરોપી તરફે વિ.વ.શ્રી એન.બી.જેબલીયા તથા શ્રી સરકાર પક્ષે વિ.પી.પી.શ્રી કે.એમ.મકવાણાની દલીલ સાંભળી.

૪. અરજદાર/આરોપી તરફે વિ.વ.શ્રીએ મુખ્યત્વે એવી રજુઆત કરેલ છે કે, અરજદાર/આરોપીને ખોટી રીતે ગુન્હાના કામ સબબ સંડોવી દેવામા આવેલ છે. તેઓએ વધુમા એવી રજુઆત કરેલ છે કે, અરજદાર/આરોપીના કબજા ભોગવટામાથી મુદામાલની કોઈ રીકવરી કે ડીસ્કવરી થયેલ નથી. તેઓએ વધુમા એવી રજુઆત કરેલ છે કે, જે વાહનમાથી મુદામાલ મળી આવેલ છે તે વાહનની માલીકી કે કબજો ભોગવટો અરજદાર/આરોપીનો નથી. તેઓએ વધુમા એવી રજુઆત કરેલ છે કે, તપાસના કામે મુદામાલ કબજે થઈ ગયેલ હોય હવે કોઈ મુદામાલ અરજદાર/આરોપી પાસેથી કબજે કરવાનો બાકી નથી. તેઓએ વધુમા એવી રજુઆત કરેલ છે કે અરજદાર/આરોપીએ તપાસના કામમા સહકાર આપેલ છે અને હવે તેઓને લગત કોઈ તપાસ પણ બાકી નથી. તેઓએ વધુમા એવી રજુઆત કરેલ છે કે, આ ગુનાના અન્ય આરોપીઓને ફોજદારી પરચુરણ અરજી નં-૩૬/૨૦૨૫ તથા ફોજદારી પરચુરણ અરજી નં-૪૩/૨૦૨૫ ના કામે અત્રેની કોર્ટ ધ્વારા રેગ્યુલર જામીન મુકત કરવામા આવેલ છે અને અરજદાર /આરોપીનો રોલ જામીન મુકત થયેલ આરોપીઓ કરતા ચઢડીયાતી કક્ષાનો ન હોય, અરજદાર/આરોપીને પેરીટીનો લાભ મળવા પાત્ર છે. તેઓએ વધુમા એવી રજુઆત કરેલ છે કે, અરજદાર/આરોપી કોઈ ગુનાહીત ઈતિહાસ ધરાવતા નથી. તેઓએ વધુમા એવી રજુઆત કરેલ છે કે, અરજદાર/આરોપી રાજસ્થાન રાજયના બાડમેર જિલ્લાના સેડવા તાલુકાના રહીશ છે, તરુણ વયના ઈસમ છે,

કુટુંબ કબીલાવાળા વ્યકિત છે, જેથી કયાંય નાસી ભાગી જાય તેમ નથી ત્યારે અત્રેની અરજી શરતોને આધીન મંજુર કરવા પાત્ર છે.

૫. સરકાર તરફે વિ.પી.પી.શ્રીએ મુખ્યત્વે એવી રજુઆત કરેલ છે કે, અરજદાર/આરોપી સામે ગંભીર પ્રકારના ગુન્હાનો આક્ષેપ છે. તેઓએ વધુમાં એવી રજુઆત કરેલ છે કે, સવાલવાળો મુદામાલ અરજદાર/આરોપીની માલીકી વાળા વાહનમાથી મળી આવેલ છે ત્યારે તેઓ સામે પ્રાયમાફેશી કેસ હોવાનુ અને ગુનાના કામ સબબ તેઓની સંડોવણી પ્રસ્થાપિત થતી હોવાનુ ફલીત થાય છે. તેઓએ વધુમા એવી રજુઆત કરેલ છે કે અરજદાર/આરોપી વાહનમા રહેલ મુદામાલ બાબતે સંપુર્ણપણે વાકેફ હતા અને તેના લાભાર્થી પણ હતા ત્યારે તેઓને વાહનમા મુદામાલ બાબતે કોઈ જાણકારી ન હોવાનુ માનવા પાત્ર નથી. તેઓએ વધુમા એવી રજુઆત કરેલ છે કે ગુનાના કામ સબબ સહ આરોપીને પકડવાના બાકી છે, અરજદાર/આરોપી સામે સમાજ વિરોધી ગુન્હાનો આક્ષેપ છે, ગુન્હાને લગત સજાની જોગવાઈ જોવામા આવે તો દસ વર્ષ સુધીની છે, અરજદાર/આરોપી રાજસ્થાન રાજયના વતની છે, ત્યારે તેઓને જામીન મુકત કરવામા આવે તો તેઓ નાસી ભાગી જાય તેવી પુરેપુરી શકયતા છે તેથી અત્રેની અરજી આંક–૪ ના સોગંદનામાની વિગતે નામંજુર કરવા પાત્ર છે.

૬. ઉભયપક્ષે કરવામાં આવેલ દલીલો ધ્યાને લીધી તેમજ આંક–૪ થી રજુ થયેલ સોગંદનામુ તથા પોલીસ પેપર્સ ધ્યાને લીધા.

૭. અરજદાર/આરોપી તથા સહ આરોપીઓ સામેનો મુખ્યત્વે આક્ષેપ જોવામાં આવે તો અરજદાર/આરોપી તથા અન્ય આરોપીઓએ ભાગીદારીમા ગેરકાયદેસર પાસ પરમીટ વગર આર્થિક ફાયદો મેળવવા માટે ભારતીય બનાવટનો વિદેશી દારુના જથ્થાની હેરાફેરી માટે સ્વીફટ ફોર વ્હીલ ગાડીમા ખોટા નંબર વાળી નંબર પ્લેટ લગાડી ભારતીય બનાવટની વિદેશી દારુની કુલ બોટલ નંગ–૩૦૬

કિંમત રુ.૯૧,૮૦૦/- ના મુદામાલની હેરાફેરી કરતા રેઈડ દરમ્યાન પકડાઈ ગયેલ હોય, જે દારુનો જથ્થો આરોપી આલકુભાઈ રાણીંગભાઈ ગોવાળીયાનાઓએ મંગાવેલ હોય અને આરોપી પ્રવિણ સીદરામ ભાદુએ સદર દારુનો જથ્થો પુરો પાડેલ હોય, આરોપીઓએ તે રીતે એકબીજાની મદદગારીમાં, ગુન્હો આચરેલ છે.

૮. પોલીસ પેપર્સ તથા સોગંદનામુ ધ્યાને લેતા સવાલવાળો મુદામાલ કબજે થઈ ગયેલ હોવાનુ જણાઈ આવે છે અને હવે કોઈ મુદામાલ અરજદાર/ આરોપી પાસેથી કબજે કરવાનો બાકી હોય તેવુ જણાઈ આવતુ નથી. પોલીસ પેપર્સ તથા સોગંદનામુ જોતા સવાલવાળો મુદામાલ જે વાહનમાથી મળી આવેલ હોવાનો આક્ષેપ છે તે વાહનની માલીકી અરજદાર/આરોપીની હોય તેવુ પ્રાયમાફેશી જણાઈ આવતુ નથી. પોલીસ પેપર્સ તથા સોગંદનામુ જોતા અરજદાર/આરોપી કોઈ ગુનાહીત ઈતિહાસ ધરાવતા હોવાનુ કે તેઓ સામે અન્યત્ર કોઈ ગુનો નોંધાયેલ હોવાનુ જણાઈ આવતુ નથી. અરજદાર/આરોપીએ તપાસના કામમા સહકાર આપેલ છે અને તેઓ લગત હવે વિશેષ કોઈ તપાસ બાકી હોય તેવુ પણ જણાઈ આવતુ નથી. આ ગુનાના અન્ય આરોપીઓને ફોજદારી પરચુરણ અરજી નં-૩૬/૨૦૨૫ તથા ફોજદારી પરચુરણ અરજી નં-૪૩/૨૦૨૫ ના કામે અત્રેની કોર્ટ ધ્વારા રેગ્યુલર જામીન મુકત કરવામા આવેલ છે અને અરજદાર/આરોપીનો રોલ જામીન મુકત થયેલ આરોપીઓ કરતા ચઢીયાતી કક્ષાનો હોવાનુ ફલીત થતુ ન હોય, તે સંજોગોમા અરજદાર/ આરોપીને પેરીટીનો લાભ મળવા પાત્ર હોવાનુ જણાઈ આવે છે. અરજદાર/આરોપી રાજસ્થાન રાજયના વતની હોવા માત્રથી તેઓને જામીન મુકત ન કરવા ઉચિત જણાતુ નથી. સહ આરોપીને પકડવાના બાકી હોવા માત્રથી પણ અરજદાર/ આરોપીને જામીન મુકત ન કરવા ઉચિત જણાતુ નથી. અરજદાર/આરોપી રાજસ્થાન રાજયના બાડમેર જિલ્લાના સેડવા તાલુકાના રહીશ છે, તરુણ વયના ઈસમ છે, કુટુંબ કબીલાવાળા વ્યકિત છે, જેથી કયાંય નાસી ભાગી જાય તેવી કોઈ શકયતા જણાઈ આવતી નથી. ગુના સબબની મહત્તમ સજાની

જોગવાઈ જોવામા આવે તો આજીવન કારાવાસ કે મૃત્યુ દંડ નથી. ગુના સબબની ટ્રાયલ ચાલતા સમય લાગે તેમ છે ત્યારે અરજદાર/આરોપીને જામીન મુકત ન કરવામા આવે તો તેઓને પ્રિ ટ્રાયલ પનીશમેન્ટ થયા બરાબર ગણાશે.

ઉપરોકત હકીકત તેમજ જામીન અંગેના સુસ્થાપિત સિધ્ધાંતોને લક્ષમાં લેતા અરજદાર/આરોપીની તરફેણમાં વિવેક બુધ્ધિની સત્તાનો ઉપયોગ કરવો ન્યાયોચીત જણાતુ હોય, નીચે મુજબ આખરી હુકમ ફરમાવુ છું.

**-:<u>હુકમ</u>:-**

(૧) અરજદાર/આરોપીની આ ગુન્હાના કામે રેગ્યુલર જામીન ઉપર મુકત થવા અંગેની બી.એન.એસ.એસ.ની કલમ-૪૮૩ અન્વયેની હાલની અરજી આથી મંજુર કરવામાં આવે છે.

(૨) અરજદાર/આરોપીને રુા.૧૫,૦૦૦/- (અંકે રુપીયા પંદર હજાર પુરા) ના સધ્ધર જામીન તેમજ તેટલી જ રકમનો જાત મુચરકો આપ્યેથી ગઢડા પોલીસ સ્ટેશન ગુના રજી.નં-૧૧૧ ૯૦૦૦ ૪૨૫ ૦૦૨૬/ ૨૦૨૫, પ્રોહીબીશન એકટની કલમ-૬૫(ઈ), ૧૧૬(બી), ૯૮(૨), ૮૧ તથા બી.એન.એસ.ની કલમ-૩૩૬(૨), ૩૩૬(૩), ૩૩૬(૪), ૩૪૦(૨) મુજબના શિક્ષાને પાત્ર ગુન્હામાં નીચેની શરતોને આધીન જામીન ઉપર મુકત કરવાનો હુકમ કરવામાં આવે છે.

**<u>શરતો</u>:-**

એ. અરજદાર/આરોપીએ ટ્રાયલ દરમ્યાન સબંધીત કોર્ટની પરવાનગી વગર ભારત દેશની હદ છોડી બહાર જવુ નહી.

બી. અરજદાર /આરોપીએ ચાર્જશીટ દાખલ થતા સુધી તેમજ ટ્રાયલ દરમ્યાન દર અંગ્રેજી માસની એક થી પાંચ તારીખ સુધીમા સંબંધીત પોલીસ સ્ટેશનના જવાબદાર અધિકારી સમક્ષ અચૂકપણે હાજરી પુરાવવાની રહેશે.

સી. અરજદાર/આરોપીએ કેસની ટ્રાયલ દરમ્યાન નામદાર કોર્ટ સમક્ષ નિયમીતપણે હાજરી પુરાવવાની રહેશે.

ડી. અરજદાર/આરોપીએ ફરીયાદપક્ષના સાક્ષી પુરાવા સાથે કોઈ પણ રીતે ચેડાં કરવા નહી કે સાહેદોને લોભ લાલચ કે ધાક ધમકી આપવી નહી કે સુલેહ શાંતિનો ભંગ થાય તેવુ કોઈ કૃત્ય કરવુ નહી કે કોઈપણ જાતની ગુન્હાહીત પ્રવૃત્તિ કરવી નહી.

ઈ. અરજદાર/આરોપીએ જામીન ઉપર મુકત થતી વખતે પોતાના કાયમી રહેણાંકનુ સરનામુ તેમજ પોતાનો મોબાઈલ નંબર ટ્રાયલ કોર્ટ અને સંબંધિત પોલીસ સ્ટેશનમાં આધાર પુરાવા સાથે રજુ કરવાના રહેશે અને તેમાં આ અદાલતની પુર્વ પરવાનગી વગર ફેરફાર કરવો નહી.

એફ. અરજદાર/આરોપી પાસે પાસપોર્ટ હોય તો સંબંધીત કોર્ટમાં એક અઠવાડીયામાં જમા કરાવવો અને જો ના હોય તો તે અંગેનુ સોગંદનામુ દિન–૭ માં રજુ કરવાનુ રહેશે.

જી. અરજદાર/આરોપી દ્વારા કોઈપણ શરતનો ભંગ કર્યેથી અરજદાર/ આરોપીના જામીન આપો આપ રદૃબાતલ થયેલ ગણાશે.

(૩) અરજદાર/આરોપીએ જામીન સંબંધીત કોર્ટમાં આપવા.

(૪) આ હુકમની જાણ હકુમત ધરાવતી કોર્ટ તથા પોલીસ સ્ટેશનને કરવી.

હુકમ આજ તા.૧૬ મી, માર્ચ–૨૦૨૬ ના રોજ બોટાદ ખાતે ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તા.૧૬/૦૩/૨૦૨૬
બોટાદ

**(એમ. જે. પરાશર)**
સત્ર ન્યાયાધીશ
બોટાદ
જી જે–૦૦૪૬૩

પીડીએમ